For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in





(તસવીર : સતીષ જાદવ)

# પાંચ દિવસના બાધાના શ્રીજીને વિદાય, ગૌરીનું આગમન

**5335 પ્રતિમાનું** વિસર્જન, સૌથી વધુ પાલ ઓવારાના કૃત્રિમ તળાવમાં 1282 પ્રતિમા પધરાવાઇ

સુરતઃ મહારાષ્ટ્ર બાદ સુરતમાં પણ ગણેશોત્સવની ધામધૂમ જોવા મળી રહી છે. શહેરમાં અંદાજે ૮૦ હજારથી વધુ ગણેશ પ્રતિમાઓની સ્થાપના થતી હોય છે, જેમાં મંડળો ઉપરાંત ઘરોમાં પણ બાધાના ગણેશ સ્થાપનાની પરંપરા વધી રહી છે. આજે રવિવારે સુરતના વિવિધ ઓવારા પર 5335 પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જેમાં સૌથી વધુ પાલ ઓવારાના કૃત્રિમ તળાવમાં 1282 પ્રતિમા પધરાવવવામાં આવી હતી. તો બીજી તરફ મહારાષ્ટ્રના પરિવારોમાં આજે ગૌરીનું આગમન થયું હતું.

તાપી નદીને પ્રદૂષિત થતી અટકાવવા જીપીસીબીએ તાપી નદીમાં સીધું વિસર્જન કરવાની મનાઇ ફરમાવી છે. તેથી ભક્તોની લાગણી ન દુભાય તે માટે સુરત મનપા દ્વારા શહેરમાં કુલ ૧૨ કૃત્રિમ તળાવો બનાવવામાં આવ્યા છે. આ વર્ષે છેલ્લા ત્રણ દિવસમાં કુલ 5335 ગૌરી ગણેશ પ્રતિમાઓનું વિસર્જન

અનુસંધાન પાના 9 પર

## આજે ગૌરી પૂજન, કાલે વિસર્જન

મહારાષ્ટ્રના પરિવારમાં આજે ગૌરીની સ્થાપના કરવામાં આવી હતી. ગૌરી એટલે ગણપતિની માતા પાર્વતીજીનું સ્વરૂપ છે. આ બંનેની મહારાષ્ટ્રીયનો ઘરે સ્થાપના કરે છે તેની તેને ગૌરી-ગણેશ તરીકે ઓળખવામાં આવે છે. આજે સોમવારે ગૌરી પૂજન થશે જ્યારે કાલે મંગળવારે ગૌરીગણેશનું વિસર્જન કરવામાં આવશે.



## ક્યા ઓવારાના કૃત્રિમ તળાવોમાં કેટલી પ્રતિમાઓનું વિસર્જન

| | |
|---|---|
| પાલ આરટીઓ | 1282 |
| નવાગામ, ડિંડોલી | 766 |
| સિંગણપોર, કતારગામ | 760 |
| ખરવરનગર, ઉધના | 527 |
| આવાસ એચ-૫, કોસાડ | 430 |
| ડક્કા ઓવારો, નાનપુરા | 455 |
| ફાયર સ્ટેશન, ભેસ્તાન | 307 |
| કાંદીફળિયું, ડુમસ | 306 |
| સચીન, ઉધના | 184 |
| વીટી સર્કલ, વરાછા | 107 |
| સિલ્વર ચોક, વરાછા | 105 |
| મોટા વરાછા, વરાછા | 101 |

# મ્યાનમારમાંથી સાયબર ફ્રોડ કરતી ચાઇનીઝ ગેંગના સુરતના એક સહિત ત્રણ આરોપી ઝડપાયા

**નોકરીના** બહાને થાઇલેન્ડ બોલાવી બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર મોકલવામાં આવે છે

**પોલીસ** જાતે ફરિયાદી બની, પકડાયેલો સુરતનો આરોપી મૂળ વ્યારાનો છે

### પકડાયેલા આરોપીઓ

(1) નીપેન્દર ઉર્ફે નીરવ લવકુશ ચૌધરી (રહે, બિલ્ડિંગ નં ઇ10 ફ્લેટ નં 763પાંચમા, પેન્ટા હોમ્સ વી આઇ પી રોડ,બિલ્ડિંગ નં ઇ10 ફ્લેટ નં 763પાંચમા, જિ. પતિયાલા, ઝીરકપુર)
(2) પ્રીત રસીકભાઇ કમાણી (રહે, પેન્ટા હોમ્સ વીઆ પી રોડ, બિલ્ડિંગ નં ઇ10 ફ્લેટ નં 763 પાંચમા માળે , જિ. પતિયાલા,ઝીરકપુર)
(3) આશીષભાઇ રમણલાલ રાણા ( રહે,ઘર નં 168 સાંઇ વિલા રેસિડેન્સી ખરવાસા રોડ ડિંડોલી સુરત, સુરત શહેર, મૂળ રહે ઘર નં.૬૨૦, ગામ-ગોલવાડ, તા.વ્યારા જિ.તાપી)

### ભારતના ૪૦ યુવાને મ્યાનમાર મોકલવામાં આવ્યા છે

પોલીસે માહિતી આપતા જણાવ્યું હતું કે થાઇલેન્ડમાં નોકરી આપવાની લાલચ આપી ભારતના ૪૦ યુવાનોને મોકલ્યા, પરંતુ હકીકતમાં મ્યાનમારની ફેક ચાઇનીઝ કંપનીઓના કોલ સેન્ટરમાં છેતરપિંડી કરાવવામાં આવી હતી. થાઇલેન્ડમાં આકર્ષક નોકરી આપવાની ઓફર આપી યુવાઓને મ્યાનમાર મોકલવામાં આવ્યા હતાં. ત્યાં ફેક ચાઇનીઝ કંપનીના કબજામાં લઇ ગેરકાયદે સાયબર કોલ સેન્ટરમાં કામ કરાવાયું હતું.

### આ આઇડીધારક સામે ગુનો નોંધાયો

Alexander, Enzo, William, King, Wim, Kunpeng, Along, strong

સુરતઃ ઓનલાઇન નોકરીના લાલચ આપીને લોકોને વિદેશ મોકલવામાં આવ્યા પછી તેમની પર ચીનની ફેક કંપનીઓમાં ગેરકાયદેસર રીતે કામ કરાવવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. આ કેસમાં પોલીસે જાતે ફરિયાદી બનીને ગેંગ સાથે સંકળાયેલા ત્રણ આરોપીની ધરપકડ કરી છે.

સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર સહદેવસિંહ ભીમદેવસિંહ પઢેરીયાએ આઇટી એક્ટ હેઠળ ગુનો નોંધાવ્યો છે. આ ગુનામાં મુખ્ય આરોપી તરીકે નીપેન્દર ઉર્ફે નીરવ ચૌધરી, પ્રીત કમાણી અને આશીષ રાણા સહિત ઘણા ભારતીય અને વિદેશી વ્યક્તિઓ સામે ગંભીર આક્ષેપો છે. આરોપીઓ થાઇલેન્ડમાં કોમ્પ્યુટરવર્કની નોકરીના બહાને ગરજાઉ યુવાનો બોલાવે છે. ત્યારબાદ બોર્ડર ક્રોસ કરીને તેમને મ્યાનમાર મોકલી દેવામાં આવે છે. જ્યાં ચાઇનીઝ ગેંગના ઇલલિગલ કોલસેન્ટરમાં ફરજિયાત રીતે કામ કરાવાતા હતા. અહીંથી તેઓ ફેક ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી, નકલી ઓળખથી ભારતીય નાગરિકોને કોલ અને મેસેજ દ્વારા ઇન્વેસ્ટમેન્ટના બહાના હેઠળ લોભામણી વાતો કરીને ઓનલાઇન છેતરપિંડી કરતાં હતા. પ્રાથમિક રીતે ગુનાના શિકાર બનેલા તમામ ૪૦ નાગરિકોની ઓળખ થઈ ચૂકી છે અને તેમને ભારત પરત લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે.હાલ પોલીસે ગુનો દાખલ કરી ત્રણ આરોપીઓ ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતા હથનુર-પ્રકાશા ડેમમાંથી પાણી છોડવામાં ઘટાડો

# ઉકાઇ ડેમ હવે રૂલ લેવલ 340 ફૂટ સુધી ભરવામાં આવશે

**ઉકાઇ** ડેમની હાલની સપાટી 335.95 ફૂટ, 68 હજાર ક્યુસેક આવક-જાવક

સુરતઃ ઉપરવાસ વિસ્તારમાં આવેલા મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના વિસ્તારોમાં વિતેલા ચોવીસ કલાક દરમિયાન વરસાદનું જોર ઘટ્યું છે. જેના સીધા પ્રભાવ રૂપે ઉકાઇ ડેમમાં પાણીની આવક અને જાવકમાં ઘટાડો નોંધાયો છે.

ઉકાઇ ડેમના ઉપરવાસમાં આવેલા બુરહાનપુરમાં 26 મીમી, નવાથામાં 13 મીમી, દહીગાવમાં 14 મીમી, ધુલિયામાં 49 મીમી, શાહદામાં 16 મીમી, સાગબારામાં 50 મીમી અને ચોપડવાવમાં 20

અનુસંધાન પાના 9 પર

## સુરતમાં સરેરાશ કરતાં વધુ વરસાદઃ ઉમરપાડામાં સૌથી વધુ, ચોર્યાસીમાં સૌથી ઓછો

સુરતઃ સુરત જિલ્લામાં ચોમાસું હવે છેલ્લા તબક્કામાં છે, ત્યારે અત્યાર સુધીમાં કુલ સરેરાશ કરતાં વધુ 100.42% વરસાદ નોંધાયો છે. કુલ 10માંથી 6 તાલુકાએ પોતાના દસ વર્ષના સરેરાશ વરસાદ કરતાં વધુ વરસાદ પ્રાપ્ત કર્યો છે. જેમાં ઉમરપાડા સૌથી આગળ છે, જ્યાં 10 વર્ષના સરેરાશ કરતાં 128.77% વરસાદ નોંધાયો છે. જ્યારે ચોર્યાસી સૌથી

અનુસંધાન પાના 9 પર

### સુરતમાં મોસમનો કુલ વરસાદ

| તાલુકા | 10 વર્ષનો | સરેરાશ | ટકા |
|---|---|---|---|
| ઉમરપાડા | 76.72 | 98.8 | 128.77 |
| બારડોલી | 59.16 | 70.04 | 118.39 |
| સુરત | 57.2 | 66.16 | 115.66 |
| પલસાણા | 59.32 | 65.24 | 109.97 |
| કામરેજ | 58.00 | 63.68 | 109.79 |
| ઓલપાડ | 42.04 | 41.4 | 98.47 |
| મહુવા | 64.96 | 60.92 | 93.78 |
| માંગરોળ | 56.6 | 48.36 | 85.44 |
| માંડવી | 60.4 | 44.8 | 74.17 |
| ચોર્યાસી | 52.92 | 30.28 | 57.21 |
| કુલ | 58.73 | 58.96 | 100.42 |

## સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં 5 સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહી

સુરતઃ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ વધુ તીવ્ર બન્યો છે. ગુજરાતની આસપાસ એકસાથે બે વરસાદી સિસ્ટમો સક્રિય થતાં ભારે થી અતિભારે વરસાદની પરિસ્થિતિ સર્જાઇ છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આ માહોલ આગામી સાત દિવસ સુધી ચાલુ રહેવાની શક્યતા છે. આજે જિલ્લામાં માંગરોળને છોડીને સર્વત્ર વરસાદ નોંધાયો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ દક્ષિણ-પૂર્વ મધ્યપ્રદેશ પર સાઇક્લોનિક સર્ક્યુલેશન તેમજ બિકાનેર પરથી પસાર થતો મોનસૂન ટ્રફ રચાયો છે. આ ઉપરાંત નોર્થ કોંકણ પર પણ સાઇક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. પડોશી રાજ્ય રાજસ્થાન પર અપર એર સાઇક્લોનિક સર્ક્યુલેશન ઊભું થતા તેની અસર ગુજરાત પર સ્પષ્ટ જોવા મળી રહી છે. આ પ્રભાવને કારણે દક્ષિણ ગુજરાત સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ

અનુસંધાન પાના 9 પર

### જિલ્લામાં વિતેલા ચોવીસ કલાકમાં પડેલો વરસાદ

| તાલુકા | વરસાદ (મીમી) |
|---|---|
| ઓલપાડ | 05 |
| માંગરોળ | 00 |
| ઉમરપાડા | 25 |
| માંડવી | 11 |
| કામરેજ | 20 |
| સુરત | 37 |
| ચોર્યાસી | 04 |
| પલસાણા | 21 |
| બારડોલી | 14 |
| મહુવા | 10 |

## યુપીથી લિંબાયતમાં મામાના ઘરે ફરવા આવેલા 13 વર્ષીય તરૂણનું પાંચ દિવસના તાવ બાદ મોત

સુરતઃ લિંબાયત ખાતે મામાના ઘરે ફરવા માટે આવેલા તરુણનું બેભાન થઈ ગયા બાદ મોત નીપજ્યું હતું. તરુણને પાંચ દિવસથી તાવ આવતો હતો.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઉત્તર પ્રદેશના વતની મુઝફ્ફર અલી મોહમ્મદ મજૂરીકામ કરી પરિવારમાં પત્ની, બે પુત્ર અને એક પુત્રીનું ગુજરાત ચલાવે છે. મુઝફ્ફર અલીના બે પુત્ર પૈકી એક પુત્ર 13 વર્ષીય ફેઝલ સુરત લિંબાયત ખાતે પ્રભુનગરમાં મામાના ઘરે ફરવા માટે આવ્યો હતો. દરમિયાન ફેજલને પાંચ દિવસથી તાવ આવતો હતો. જેથી પરિવારજનો ઘર નજીકના દવાખાનામાં તેની સારવાર કરાવી

અનુસંધાન પાના 9 પર

# અડાજણમાં બંગલામાં આગ લાગતા રાત્રે 3 વાગ્યે વૃદ્ધ દંપતિ બાલ્કનીમાં ફસાયું

**ફાયર** બ્રિગેડના જવાનોએ સલામત રીતે બંનેને બચાવી લીધા



સુરતઃ શહેરના અડાજણ વિસ્તારમાં ફકરી પાર્ક સોસાયટી વિભાગ-2ના એક બંગલામાં શનિવારે મોડી રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. રાત્રે લગભગ 3 વાગ્યે લાગેલી આ આગમાં બે માળના આ બંગલામાં રહેતા વૃદ્ધ દંપતી ફસાઈ ગયું હતું,જેમનુ ફાયર બ્રિગેડની ટીમે રેસક્યુ કરી લીધા હતાં.

ગત રાત્રે 3:00 કલાકે ફરકી પાર્ક સોસાયટી વિભાગ-2 બંગલામાં એસીમાં શોર્ટ સર્કિટ થવાથી અચાનક આગ લાગી ગઈ હતી. આગ ફાટી નીકળતા થોડા જ સમયમાં ઘરમાં ભારે પ્રમાણમાં ધુમાડો ફેલાયો હતો. પરિસ્થિતિ ગંભીર બનતા વૃદ્ધ દંપતી, 71 વર્ષીય જલિલ અબ્દુલ શેખ અને તેમની 61 વર્ષીય પત્ની રૂબીના જલિલ શેખ જીવ બચાવવા માટે બાલ્કની તરફ દોડી ગયા હતા, જ્યાંથી તેઓ બહાર નીકળી શકતા ન હતા.સ્થાનિક લોકોએ ઘટનાની

અનુસંધાન પાના 9 પર

### રાત્રે 12.45 વાગ્યે લાગેલી આગ સવારે 7 વાગ્યે કાબૂમાં આવી

# કોસાડમાં નેઈલ પોલિશના કારખાનામાં લાગેલી આગમાં સિક્યોરિટી ગાર્ડ જીવતો ભૂંજાયો

**પ્રગતિ** ઈકો પાર્કના વેદાંત પાર્કમાં લાગેલી આગ બીજા પ્લોટ સુધી પ્રસરી

**સોલવન્ટના** ડ્રમ બ્લાસ્ટ થતાં બિલ્ડિંગ ધણધણી ઉઠ્યું



સુરતઃ શનિવારે મોડી રાત્રે કોસાડના પ્રગતી ઈકો પાર્કનાં વેદાંત ઈન્ડસ્ટ્રીયલ એકમમાં નેઈલપોલીશ બનાવવાના એક બંધ કારખાનામાં ભીષણ આગ ફાટી નીકળી હતી. પ્લોટ નં-30માં રહેલા કેમિકલમાંથી આગની શરૂઆત થતા સમગ્ર બિલ્ડિંગમાં ભયંકર આગ પ્રસરી ગઈ હતી. આગની જ્વાળાઓ અને બ્લાસ્ટને કારણે આખું બિલ્ડિંગ ધણધણી ઉઠ્યું હતું. આ દુર્ઘટનામાં નેઈલપોલીશના કારખાનામાં જ રહેતા એક સિક્યુરિટી ગાર્ડનું મોત થતા અરેરાટી મચી જવા પામી હતી. આગ એટલી ભીષણ હતી કે તેને કાબૂમાં લેવા માટે અલગ-અલગ આઠ ફાયર સ્ટેશનમાંથી 12થી 15 જેટલા ફાયર એન્જિનો તથા વોટર બાઉઝરોના કાફલાએ સાતેક કલાક સુધી જહેમત ઉઠાવવી પડી હતી.

માહિતી મુજબ, વિરલભાઈ પેથાણીનું નેઈલપોલીશ બનાવવાનું કારખાનું વેદાંત ઈન્ડસ્ટ્રીયલ પાર્કની ચાર માળની ઈમારતમાં પ્લોટ નં-29 અને 30માં છે. શનિવારે રાત્રે આશરે 12:45 કલાકે ત્રીજા માળ પર આગ લાગી હતી, જે જોતજોતામાં ભીષણ સ્વરૂપ ધારણ કરી ગઈ. આગની જાણ થતા કોસાડ ફાયર સ્ટેશનની ટીમ સૌથી પહેલા સ્થળ ઉપર પહોંચી હતી અને ત્યારબાદ વરિયાવ, કતારગામ, મોરાભાગળ, ડભોલી, મોટા વરાછા સહિતના ફાયર સ્ટેશનોની ટીમો પણ પહોંચી ગઈ હતી. આગ ત્રીજા માળે હોવાથી ફાયર ફાઈટરોએ 35 ફૂટની એક્સટેન્શન લેડરનો સહારો લઈ

અનુસંધાન પાના 9 પર

### દુબે પરિવારના ત્રણ સભ્ય કાનૂની સલાહકાર ચૌબેને રડાવી ગયા

# મુંબઈના ત્રણ તબીબે સુરતના કાનૂની સલાહકારને 2.08 કરોડમાં નવડાવ્યા

**ઊંચા** નફાની લાલચ આપી ડેન્ટલ પ્રોજેક્ટમાં રોકાણ કરાવી સંપર્ક કાપી નાંખ્યો

સુરતઃ મુંબઈના ભેજાબજોએ ડેન્ટલ મટીરીયલના પ્રોજેક્ટમાં સારો નફો કમાવાની લાલચ આપી સુરતના કાનૂની સલાહકાર પાસેથી રૂપિયા 2.08 કરોડ પડાવી લીધા હતા. પ્રોજેક્ટ શરૂ થયા બાદ આરોપીઓએ સંપર્ક તોડી નાખ્યો અને કોઈ પણ જવાબ આપ્યો નહોતો.

અડાજણ, હનીપાર્ક રોડ સ્થિત જીવનજ્યોત કોમ્પ્લેક્સમાં રહેતા નિહાલ નવેન્દુ ચૌબે વ્યવસાયે કાનૂની સલાહકાર છે. 2024 દરમિયાન તેમની મુલાકાત મુંબઈના ભાંડુપ વિસ્તારમાં રહેતા ડૉ.નિલેશ આર દુબે, ડૉ.ધીરજ આર દુબે અને ડૉ.પુષ્પલતા આર દુબે સાથે થઈ હતી. આરોપીઓએ જણાવ્યું

અનુસંધાન પાના 9 પર




અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૯ ફેક્સ : ૨૫૯૯૯૬૦

### છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બાબુભાઈ મગનભાઈ પટેલ**
સ્વ. તા. ૦૧-૦૯-૨૦૧૯

તમે નથી, તમારા શબ્દો નથી, તમારા સ્વર પણ નથી,
છતાં પણ આશીષ મળ્યાં તમારા, હશે પુણ્ય કોઈ અમારાં
જન્મો જન્મ મળો તમે અમોને અંતઃકરણની એ જ અભિલાષા,
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
મનહરભાઈ બાબુભાઈ પટેલ
પ્રવિણભાઈ બાબુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
જુના કોળીવાડ, કોસાડ ગામ, સુરત.

### ચૌદમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ.મોહનભાઈ દલપતભાઈ પટેલ**
સ્વ.તા. ૦૧/૦૯/૨૦૧૧

તમે ભલે અમારી સાથે સદેહે નથી, પરંતુ તમારા વિચારો, સંસ્કાર અને ગુણો સદાય પ્રેરણાદાયી રહેશે. તમે જ અમારા જીવનના આદર્શ અને માર્ગદર્શક હતા અને આજે પણ તમારી યાદો, શિખામણો અને આશીર્વાદ કુદરત અમારી ઉપર વરસાવી રહીને આપને અમારા હૃદયમાં જીવંત રાખે છે અને સારા માર્ગે આગળ વધવા હંમેશા પ્રોત્સાહિત કરે છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ચંદુભાઈ દલપતભાઈ પટેલ
રતિલાલ દલપતભાઈ પટેલ
રોહિત મોહનભાઈ પટેલ
દેવાંગ ચંદુભાઈ પટેલ
યોગેશ મોહનભાઈ પટેલ
ચેતન મોહનભાઈ પટેલ
હિરેન રતિલાલ પટેલ
ધ્વનિલ રમણભાઈ પટેલ

### આઠમી માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. હિતેશભાઈ છનાભાઈ પટેલ**
સ્વ. તા. ૦૧-૦૧-૨૦૨૫

સ્નેહના સાગર સમા હર કોઇને પોતાના ગણી, પોતાના પ્રેમાળ હૈયાથી ઓળખનારા, મુખ પર મધુર સ્મીત, અંતરમાં ઊર્મિ, હૃદયથી ભોળા, સૌમ્ય સ્વભાવવાળા આપના દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

:: શોકાતુર ::
ગં.સ્વ. હીરાબેન છનાભાઈ પટેલ
ગં.સ્વ. કેતનાબેન હિતેશભાઈ પટેલ
કિરીટભાઈ છનાભાઈ પટેલ
મલય કિરીટભાઈ પટેલ
ચિંતનકુમાર મોહનભાઈ પટેલ (જમાઈ)
ઝીલ ચિંતન પટેલ (પુત્રી)
ખુશી હિતેશભાઈ પટેલ (પુત્રી)